**સરગાસણની બેંક ઓફ બરોડા શાખા પર અસામાજિક તત્વોનો હોબાળો**

ગાંધીનગર સમાચાર

# શહેરમાં એટીએમ ખોટકાતા હાલાકી

## કેટલાક મશીનો તો હજુ ચાલુ જ નથી થયા : અનેક એટીએમમાં નાણા ખુટી ગયા પછી ફરી સ્ટોક આવ્યો નહી : કાર્યરત એટીએમ સેન્ટરો પર લાંબી લચ્ચક લાઈનો લાગી







ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં એટીએમ મશીનો ચાલુ થવાના બીજા જ દિવસે સંખ્યા બંધ એટીએમ સેન્ટરો ખોટકાઈ જવાથી શહેરીજનોને ભારે અગવડનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં આજે આશરે ૧૮ થી ૨૨ એટીએમ મશીનો બંધ હાલતમાં જોવા મળ્યા હતા. જેમાં કેટલાક મશીન નોટોનો સ્ટોક ખાલી થઈ જવાથી બંધ થયા હતા. જ્યારે અનેક એટીએમ મશીનો તા. ૯મી નવેમ્બરથી જ બંધ હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતુ.

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૮મી નવેમ્બરની રાત્રીથી ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો એકાએક રદ કરી તેના સ્થાને નવી ૫૦૦, ૨૦૦૦ની નોટો ઉપરાંત અન્ય ચલણી નોટો ઈશ્યુ કરવા એક દિવસ બેંક અને બે દિવસ એટીએમ સેન્ટરો બંધ રખાવ્યા હતા. બે દિવસ સુધી એટીએમ સેન્ટરો બંધ રાખી આરબીઆઈ દ્વારા તેમાંથી વધુમાં વધુ રૂ. ૨ હજારનો ઉપાડ થાય તેવું સોફ્ટવેર અપગ્રેડ કરવા સાથે જુની ૫૦૦, ૧૦૦૦ સિવાયની ચલણી નોટો મુકવાનું કાર્ય કર્યુ હતુ. આ સાથે મશીનોમાં કેશ ખુટશે નહી અને જો

● અનુસંધાન પાન-૭ પર

## વાવોલમાં ત્રણ એટીએમ બંધ

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં આંગળીના વેઢે ગણાય એટલા જ એટીએમ સેન્ટરો છે તેમાં પણ ત્રણ ત્રણ એટીએમ મશીનો બંધ હોવાથી આ વિસ્તારના રહીશોની હાલત કફોડી થવા પામી હતી. વાવોલના તળાવની સામે જ બેંક ઓફ ઈન્ડિયાના તથા ગ્રામ પંચાયત કચેરી સામેના સેન્ટ્રલ બેંકના એટીએમમાં ચલણી નોટો એકવાર પુરી થઈ ગયા પછી ફરીથી સ્ટોક જ ના આવતા એટીએમ સેન્ટરો બંધ રહ્યા હતા જ્યારે ગુડાના શોપીંગ સેન્ટરમાં આવેલ બેંક ઓફ બરોડાનું એટીએમ મશીન બે દિવસથી ચાલુ જ થયુ નથી. તમામ એટીએમ સેન્ટરો પર વારંવાર નાગરિકોના ધક્કાથી સિક્યુરિટી કર્મચારીઓએ બેંકમાં જાણ કરી હતી આમ છતાં આ મશીનો કાર્યરત થયા નહોતા.




## સરગાસણની બેંક ઓફ બરોડા શાખા પર અસામાજિક તત્વોનો હોબાળો

### મહિલાઓની મશ્કરીઓ કરી, બેંકે કામગીરી ઠપ્પ કરી અને પોલીસે હળવો બળપ્રયોગ કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરનો અડીનો આવેલ સરગાસણની બેંક ઓફ બરોડાની શાખા પર આજે બાર વાગ્યાના સુમારે નોટ બદલાવવા આવેલા લોકોએ હલ્લાબોલ કરતાં મહિલાઓની મશ્કરીઓ પણ કરાઈ હતી તેમજ પોલીસને હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો તો ત્રણ કલાક સુધી બેંકે તેની કામગીરી અટકાવી દીધી હતી.

જો કે બેંકે દિવસના અંતે ૨૫૦થી લોકોને નોટ્સ બદલી આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

આજે સવારે ૧૧ થી ૧૨ની વચ્ચે કેટલાક અસામાજિક તત્વો પણ બેંક પર આવી પહોંચ્યા હતા અને તેમણે લાઈન પ્રથાનો વિરોધ કર્યો હતો તો બેંકના કર્મચારીઓ પર હુમલો કરો તેવી વાતો કરી ગાળાગાળી કરી હતી તેમજ ત્યાં ઉભેલી મહિલાઓની છેડતી કરી હોવાની ચોંકાવનારી વાતો બેંક સત્તાવાળાઓના ધ્યાને આવતાં તાત્કાલિક પોલીસ બોલાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ૯૦ કરોડની નવી નોટો બજારમાં

### સરકારી કર્મચારીઓએ લાઈનો લગાવી તો બેંકના કર્મચારીઓએ છ મહિના બાદ બીજા શનિવારે ફરજો બજાવી : ગુજરાતમાં સૌથી વધુ નોટોનો બદલાવ થયાના અહેવાલ

ગાંધીનગર, તા. ૧૨

આજે બીજા શનિવારની રજા હોવાથી રાજ્ય સરકારના કર્મચારીઓએ નોટ બદલાવવાની પ્રક્રિયામાં સક્રિયતા દાખવી તો છ મહિના બાદ પહેલીવાર બેંકોએ બીજા શનિવારે તેની કામગીરી ચાલુ રાખી હતી.

રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ નાબુદ કરવાના કેન્દ્રના નિર્ણયને પગલે આજે સતત ત્રીજા દિવસે પણ પાટનગરની બધી બેંકો પર લાઈનો સવારથી જ લાગી ગઈ હતી. બે દિવસ સુધી બંધ રહેલા એટીએમ આજથી પુનઃ કાર્યાન્વીત થયા હતા પરંતુ તેમાં નોટો ખાલી થઈ જતાં મોટાભાગના એટીએમ બંધ પડેલા નજરે પડ્યા હતા.




### નાની નોટોનું વિતરણ વધુ કરાયુ : જનજીવન પર વિપરીત અસરો હળવી બનશે : શહેરની બેંકો દ્વારા ૯૦ કરોડ જેટલી નવી નોટનું વિતરણ ૩ દિવસમાં થયુ : ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦ કરોડથી વધુ ડિપોઝીટ થયા તો ૧૦૦ કરોડથી વધુ નવી નોટો ફરતી થઈ : શાકભાજીના ભાવમાં ઘટાડો થયો

રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ નાબુદ કરવાના નિર્ણયને પગલે સૌથી ચોંકાવનારી હકીકત એવી બહાર આવી છે કે સૌથી વધુ નોટોનો બદલાવ ગુજરાતમાં જોવામાં મળ્યો છે. અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાત અગ્રેસર હોવાનું એક બેંકરે અનૌપચારિક વાતચીતમાં સ્વીકાર્યુ હતુ અને જણાવ્યુ હતુ કે અન્ય રાજ્યોની તુલનામાં ૨૦ ટકાથી વધુ નોટો ગુજરાતમાં બદલાઈ છે.

નોટ બેનને કારણે જનજીવન પર વિપરીત અસરો પણ જોવા મળી રહી છે. આજે બીજા શનિવારની રજા હોવા છતાં કર્મચારીઓ અને તેમના પરિવારજનો વહેલી સવારથી જ બેંકોમાં લાઈનો લગાવી ઉભેલા નજરે પડ્યા હતા.

જનજીવન સામાન્ય બને તે માટે બધી બેંકો દ્વારા ૨૦, ૫૦, ૧૦૦ના ચલણની નોટ્સ પણ વિતરણ કરતા જણાયા હતા. છુટા પૈસાની તકલીફ હળવી હવે આગામી સપ્તાહમાં થઈ જશે તેવો વિશ્વાસ બેંકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

શાકભાજીના ભાવોમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે પણ ખરીદનાર ગ્રાહકો ઘટ્યા છે કારણ કે છુટાની રામાયણ છે. બેંકોએ આજે ૨૦, ૫૦, ૧૦૦ની નોટોનું વિતરણ સારૂ એવું કરતાં નગરજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન બેંકો દ્વારા ૭૦ કરોડથી વધુ નાણાં બદલી આપવામાં આવ્યા છે તો આટલી જ રકમની નોટો તેમના ખાતામાં ડિપોઝીટ થયાનું પણ બેંકોના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### મનપાએ જૂની નોટ્સ સ્વીકારવાના નિર્ણયને પગલે

## બે દિવસમાં ૧.૧૯ કરોડના મિલ્કત વેરાની વસુલાત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાએ ગઈકાલે મિલ્કતવેરાની એક જ દિવસમાં રૂ. ૧.૦૮ કરોડની વસુલાત મેળવી હતી તો આજે વધુ ૧૧ લાખની આવક મેળવી હતી.

આમ છેલ્લા બે દિવસમાં મહાનગરપાલિકાએ ૧.૧૯ કરોડની જંગી આવક મેળવી છે. ગઈકાલે સરકારે વેરા વસુલીમાં જુની નોટ્સ સ્વીકારવાના કરેલા નિર્ણયને પગલે વસાહતીઓએ લાંબી લાઈનો લગાવી દીધી હતી.

ગઈકાલે મધરાત સુધીની મુદત હોવાથી નગરજનોએ ભારી ભીડ સાંજે ૮ વાગ્યા પછી લગાવી દીધી હતી અને રાત્રે ૧૧ વાગ્યા સુધીના ત્રણ કલાકમાં રૂ. ૬૫ લાખની વસુલી મેળવી હતી.

આ પછી રાજ્ય સરકારે વધુ ત્રણ દિવસ સુધી આ અમલ ચાલુ રાખવાની જાહેરાત કરતાં આજે સવારે ૧૦થી ૫ દરમ્યાન વધુ ૧૧ લાખની આવક મેળવી મનપાએ છેલ્લા બે દિવસમાં ૧.૧૮ કરોડની જંગી આવક મેળવી મિલ્કત વેરાની વસુલીમાં નવો વિક્રમ સર્જ્યો છે.

રવિવાર અને સોમવારે પણ મનપાની કચેરી ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોએ કહ્યું છે.

૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટ સ્વીકારવાના નિર્ણયને પગલે જંગી વસુલાત થતાં મનપામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાકે તો જૂની નોટ્સને લઈ એડવાન્સ ટેક્સ પણ ભરી દીધો છે.

## ગાંધીનગર ડેપોથી વૌઠાના મેળા માટે ખાસ બસ સેવાનુ આયોજન

### રોજની ૧૫ બસો ફાળવવામાં આવી

ગાંધીનગર તા ૧૨

વૌઠાના મેળા માટે ગાંધીનગ ડેપો દ્વારા ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ડેપો દ્વારા તા ૧૨ થી ૧૫ નવેમ્બર દરમિયાન રોજ ૧૫ બસો આ રૂટમાં દોડતી કરવામાં આવી છે. મુસાફરોની અવરજવરને ધ્યાને લઈ ડેપો કક્ષાએથી આ ખાસ બસ સેવા દોડાવામાં આવી રહી છે.

ગાંધીનગર ડેપો દ્વારા સરકારી કાર્યક્રમો ઉપરાંત ધાર્મિક તહેવારો, લગ્નસરાની મૌસમમાં પણ બસોની ફાળવણી કરવામાં આવે છે. જયારે વિશેષ જાહેર કાર્યક્રમો તેમજ મેળાના આયોજનને અનુલક્ષીને પણ બસ સેવા પુરી પાડવામાં આવે છે. જેને અનુલક્ષી ડેપો દ્વારા વૌઠાના મેળા માટે પણ ત્રણ દિવસ માટે બસ સેવા ગોઠવવામાં આવી છે. જેમાં રોજની ૧૫ જેટલી બસો ફાળવવામાં આવી છે. સિધ્ધપુરાના કાર્તિક પુર્ણિમાના મેળા તેમજ તરણેતરના મેળા માટે પણ બસો ફાળવવામાં આવે છે. જયારે વૌઠાના મેળા માટે પણ ખાસ બસ સેવા મુલાકાતીઓને ઉપયોગી નિવડશે.

॥ વિના સહકાર નહિ ઉધ્ધાર ॥

**ધી મહિયલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.**

રજી.નં.સે.દુ. ૨૪૦૩૫, તા. ૧૨-૯-૮૯
મંડળી કોડ નં. ૧૩૬૫-૧
વ્યવસાય વેરા નં. ઈ ૨૧૩૦૨૪૦૨૩
વેચાણ વેરા નં. વી ૨૩૦૧૧૩૦/૦

મુ.પો. મહિયલ, તા. તલોદ, જિ. સાબરકાંઠા, પીન : ૩૮૩૨૧૫

ચેરમેનશ્રી - ઝાલા સંજયસિંહ તીરથસિંહ
વા.ચેરમેનશ્રી - પરમાર અમરસિંહ મંગળસિંહ

વ્ય.ક.સભ્યશ્રીઓ
ઝાલા ગોપાલસિંહ કાનસિંહ
ઝાલા વિક્રમસિંહ મોહનસિંહ
ઝાલા રણજીતસિંહ દાનસિંહ

વ્ય.ક.
ઝાલા પ્રભાતસિંહ તખતસિંહ
રામી કમલેશકુમાર અમૃતલાલ
દેસાઈ ગોવિંદભાઈ છગનભાઈ
દેસાઈ નાગજીભાઈ શકરાભાઈ

કર્મચારી
સેક્રેટરી ● ઝાલા શૈલેષસિંહ દલપતસિંહ
ટેસ્ટર ● ઝાલા સંજયસિંહ કેશરીસિંહ
મદદનીશ ● મકવાણા કિર્તીસિંહ પ્રતાપસિંહ
આંતરિક ઓડિટર ● ઝાલા દલપતસિંહ પ્રતાપસિંહ

**કેપિટલ ઓફસેટ**®
www.capitaloffset.in
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com